# વધુ ગુનેગાર કોણ?

અનુભવીઓનું કથન છે કે: "મનુષ્ય માત્ર ભૂલને પાત્ર". પણ જો ભૂલને પાત્ર થનાર વ્યકિત પ્રસિધ્ધિ પામેલી હોય, અને વળી તે જો ધાર્મિક ક્ષેત્રની હોય તો તો ખલાસ...! તો તો આવી જ બન્યું....! કોનું આવી બન્યું? એ વ્યકિતનું તો ખરું જ કે જેનાથી ભૂલ થઈ ગઈ છે, પણ સાથે સાથે સમાજનું અને સમાજના નિર્દોષ બાળકોનું પણ આવી જ બન્યું સમજો. "દવ બળતો હોય ત્યાં કોશી તૈયાર જ" (જ્યાં મજબૂરી હોય ત્યાં તેને મદદ કરવાના બદલે તેનો ગેરલાભ ઉઠાવનારા તૈયાર જ ) ની જેમ "ભૂલ"ને મીઠું-મરચું ભભરાવીને, ભયંકર રીતે ચગાવીને, રૂપિયાની કોથળીઓ ભરનારા તૈયાર જ બેઠા હોય છે. હાલમાં શ્રી કલીન્ટનની ભૂલનું પ્રકરણ ચાલી રહ્યું છે. ભૂતકાળમાં આવાં અનેક પ્રકરણો બની ગયાં છે અને ભવિષ્યકાળમાં પણ બનતાં રહેવાનાં જ. "છીંડીએ ચડયો ચોર" [પકડાયો તે ચોર]ના જેવી આ વાત છે.

જેનાથી ભૂલ થઈ ગઈ છે, જેનાથી ગુનો થઈ ગયો છે તેને, ગુનો સાબિત થાય એટલે ગુના પ્રમાણે શિક્ષા કરો. બસ, પ્રકરણ પૂરું. પણ ના, એમ નથી બનતું. જો જાતીય-યૌન સંબંધી ભૂલનું-ગુનાનું પ્રકરણ હોય તો તો તકસાધુઓને ઘી-કેળાં. પછી તો તેને ચગાવનારા તેને ચગાવવામાં કાંઈ બાકી રાખે? પછી તો એ પ્રકરણને એવું ચગાવે, એટલી બધી ઝીણવટભરી વિગતોથી ચગાવે, એટલી નિર્મમતાથી અને અતિશયોકિતપૂર્વક ચગાવે, એટલી કુશળ બુધ્ધિથી ચગાવે કે બાલની ખાલનીયે ખાલ ઉખાડી નાખે! કામક્રીડા વખતે તેઓ ઉભા હતા કે બેઠા હતા, કે વાંકા હતા કે સીધા હતા, તે વખતે તેમના મુખમાંથી કેવા ધ્વનિઓ અને શબ્દો સરી પડતા હતા, તે વખતે તેમના કપડાંની સ્થિતિ કેવી હતી અને ત્યારે તેઓ બીજા ચેનચાળા કેવા અને કેટલા કરતા હતા વગેરે વગેરેનાં નિર્લજ્જ, નફફટ અને નવસ્ત્રાં વર્ણનો એટલા વિસ્તારપૂર્વક અને પટુતાપૂર્વક આપે કે વાંચનારો પણ ભાન ભૂલી જાય! વાંચનારો પણ આવો ગુનો કરવા ઉત્તેજિત થઈ જાય! આવાં ભયંકર ભોગપ્રધાન વર્ણનો વાંચીને વાચકના મન-મસ્તિષ્કમાં ઊથલપાથલ મચી જાય અને તે વખતે પોતે જ એ બધી બીભત્સ ક્રિયાઓ કરતો હોય એટલો ઉત્તેજિત થઈ જાય, એટલી હદે તે બેભાન બની જાય...!

મૂળ ગુનેગારે તો કોઈ એક સાથે અયોગ્ય વર્તન કર્યું પણ એ અઘટિત પ્રસંગોને-વર્ણનોને અનેક માધ્યમો-સાધનો દ્વારા સમાજનાં આબાલવૃધ્ધો, સ્ત્રી-પુરુષો સુધી પહોંચાડીને, પહોંચાડનારાઓએ પૂરા સમાજ સાથે, સંપૂર્ણ વિશ્વ સાથે ગુનાહિત કૃત્ય કર્યું. મૂળ ગુનેગાર મોટો ગુનેગાર કે આ બધા મોટા ગુનેગાર? મોટા ગુનેગારો કેટલી શિક્ષાને પાત્ર ગણાય?

નિર્વસ્ત્રા-નગ્ન અને કામવાસનાને બહેકાવી દે તેવાં વર્ણનો સામાન્ય જનસમૂદાય સુધી પહોંચાડવાથી સમાજનું ભયંકર અકલ્યાણ થાય છે તેવી સાચી વાત સમાજને કહેનાર કોઈ જાગે નહિ એ પણ મહા દુ:ખદ આશ્ચર્ય અને દુર્ભાગ્યની વાત જ ગણાય ને? એમ કહેવાય છે કે "કાયદાના હાથ ખૂબ લાંબા હોય છે." પણ "લાંબા હાથે" આ બધા માટે કાંઈ શિક્ષાની જોગવાઈ કરી છે? કે પછી વ્યકિત-ગુનેગાર માટે જ "કાયદાનો હાથ લાંબો" છે? કે પછી "છીંડીએ ચડયો તે ચોર" તેના માટે જ "લાંબો હાથ લાંબો" થાય છે? દરેક ગુનેગારને ગુના પ્રમાણે શિક્ષા કરવામાં આવે તો જ કાયદો પક્ષપાતી ન ગણાય, તો જ કાયદો સાર્થક અને સફળ થયો ગણાય. જો વાડ જ ચીભડાં ગળવા લાગે તો ચીભડાંના બચવાની કોઈ આશા જ ન રહી. કાયદાની દષ્ટિએ સમાજનું અકલ્યાણ જેના દ્વારા થાય તે બધા ગુનેગાર જ ગણાવા જોઈએ. પછી ભલે તે એક વ્યકિત હોય કે અનેક વ્યકિતઓનું સંગઠન.

કોઈ એક વ્યકિતના અયોગ્ય વર્તનનાં કામાતુર વર્ણનો જાહેરમાં પીરસીને અનેકોને એટલી હદે કામાતુર બનાવી દેવા કે તેઓ પણ, તેવો જ ગુનો કરી બેસે. અને પછી કહેવું કે "તેઓ ગુનેગાર છે, ફાંસીએ ચડાવી દો" તે કેટલું ન્યાયી કહેવાય? એક માસના ભૂખ્યાને મીઠાઈથી ભરેલા ઓરડામાં પૂરીને પછી કહેવું કે "જો આમાંથી કાંઈ પણ ખાધું તો ફાંસીએ ચડાવી દઈશું." એનો મતલબ તો એ જ થયો ને કે તેને ફાંસીએ ચડાવવાનું આપણે બહાનું ગોતી કાઢ્યું.

ભૂલ કરનાર બંનેએ કામક્રીડા સમયે કોણે કોનું શરીર કેવું, કેટલું અને કેવી રીતે ચૂંથ્યું તેની રજેરજની અમર્યાદ બાતમી વાંચકોને પૂરી પાડવાની, કોઈને પણ શું જરૂરત હતી. આવી બાતમી, બાતમી આપનારના કુટુંબો, બાળકો, મિત્રો, સ્નેહીઓ વગેરે સુધી પણ પહોંચવાની જ. તેઓ બધા પણ આ બધું વાંચવાના જ. લોકોની કામવૃત્તિની વિવશ કમજોરીનો લાભ ઉઠાવવાના લાલચુઓ, રૂપિયા અને સસ્તી પ્રતિષ્ઠાના મોહમાં સ્વજનોનો પણ ઘાણ કાઢી નાખતા હોય છે, સાવ આંધળા બની જતા હોય છે. કયારેક તો આવી શંકા પણ જાગે છે કે આવું હદ બહારનું નગ્ન ચિતરામણ જે જે માધ્યમો-સાધનો-સામયિકો-છાપાંઓ વગેરેમાં પ્રગટ થાય છે તેની જવાબદાર વ્યકિતઓને, પોતાના છાપાંઓમાં આવું બેહુદું વર્ણન પ્રગટ થયું છે તેની ખબર હોતી હશે શું? કારણકે મન એ માનવા તૈયાર જ નથી થતું કે આવું અતિ વિકારી ચિતરામણ ચીતરવાની છૂટ જે-તે માધ્યમોની જવાબદાર વ્યકિતઓ આપે. જવાબદાર વ્યકિતઓ આટલી આંધળી હોય કે પોતાના પગ પર આવતા કુહાડાને પણ ન જોઈ શકે એ માનવા મન તૈયાર જ કેવી રીતે થાય? અને છતાંય આવું બધું રજૂ થાય છે તે હકીકત છે.

આવી સમાજોપયોગી સામગ્રી ["વધુ ગુનેગાર કોણ?"] ને અનેક માધ્યમો દ્વારા પ્રગટ કરીને સમાજ સમક્ષ મૂકવી જોઈએ. આવાં કાર્યો માટે પરમ, પવિત્ર અને સાત્વિક શૂરવીરતાની જરૂરત પડે છે. સમાજમાં હજુ આવાં કર્તવ્યસંનિષ્ઠ શૂરવીરો

છે જ કે જેના હૃદયમાં વ્યકિત-હિત કરતાં સમષ્ટિ-હિતની વધુ ખેવના હોય છે અને એટલું સમજવાની ક્ષમતા રાખતા હોય છે કે સમષ્ટિ-કલ્યાણમાં જ વ્યષ્ટિ-કલ્યાણ સમાહિત છે. જેમ અનેકની રસોઈ બનાવનાર રસોઈયાને પોતાની જુદી રસોઈ બનાવવાની જરૂરત નથી પડતી, સૌની રસોઈ સાથે જ તેની પોતાની રસોઈ પણ બની જ જાય છે.

જનની જણ તો ભકત જણ, કાં દાતા કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

- જેની સંસ્કૃતિની નસેનસ આવા ઉપરોકત આદર્શોથી ફાટ-ફાટ થઈ રહી છે તે સમાજના નબીરાઓ ઉપરોકત આદર્શની રક્ષા માટે હાકોટો કયારે નાખશે? -
- આદર્શોની દીવાલોને ખોખરી કરનારાઓને ખખડાવીને, કયારે તેની ખબર લઈ નાખશે? -
- મૂલ્યરક્ષાની ભીમ-ભોગળોનો ભાંગીને ભુક્કો બોલવનારાઓની ભુલોનો ભુક્કો બોલાવવામાં ભડવીર ભામાશાઓ કોની અને કેટલી રાહ જોશે? -
- હવે તો બાપલા.... જાગો જાગો!
- પાઈએ પાઈનો હિસાબ માંગો,
- દીર્ઘસૂત્રતા સઘળી ત્યાગો,
- પ્રમાદને હવે મૂકો આઘો.

વ્હાલા મિત્રો...! વીર નરો...! -

- મનની ઢચુપચુમાં જ જોજો, મનની મનમાં ન રહી જાય?!
- આદર્શોની આહલેક જગાવ્યા પહેલાં જ, આયુષ્યદોરી ટૂટી ન જાય!

અનુભવીઓની આ વાણી સદાય કાનમાં ગુંજ્યા કરે છે કે-

રહો ન ભૂલ કે કભી, મદાંધ તુચ્છ વિત્ત મેં;
સનાથ જાન આપ કો, કરો ન ગર્વ ચિત્ત મેં;
અનાથ કૌન હૈ યહાં, ત્રિલોકી નાથ સાથ હૈ;
દયાલુ દીનબંધુ કે, બડે વિશાલ હાથ હૈં;
અતીવ ભાગ્યહીન હૈ, અધીર ભાવ જો ભરે;
વહી મનુષ્ય હૈ કિ જો, મનુષ્ય કે લિએ મરે.

પ્રતિષ્ઠિત ગણાતા માધ્યમોમાં પણ કલ્પનાતીત નગ્ન ચિત્રામણ જોઈને-વાંચીને હૃદય હલબલી ઊઠે છે અને મસ્તક મૂર્છિત થઈ જાય છે. અત્યારે તો જાણે હલકટપણું પ્રગટ કરવાની હરીફાઈ જામી છે! "પાડે-પાડા બાઝે અને ઝાડનો ખો કાઢે." પણ ઝાડનો શું વાંક? શું નિર્દોષ ઝાડને કોઈ બચાવી જ નહિ શકે? શું સમાજના થાંભલા ગણાતા ભદ્ર માનવો એટલા બધા નિર્બળ થઈ ગયા છે? મહાજનોમાં જેમની ગણત્રી થતી હતી તેવા બધા શું મરી પરવાર્યા છે? જો સાવધાન નહિ રહીએ તો એવો વખત પણ આવી શકે છે કે જે વધુ હલકટપણું પીરસે તે ઈનામને યોગ્ય અને પ્રશંસાને પાત્ર ગણાવા લાગે! આ માત્ર કલ્પના નથી, ઘણી બાબતોમાં આવું બધું થઈ ચૂકયું છે.

જે માધ્યમો અશ્લીલ-નગ્ન નૃત્યોના તાંડવને ચગાવી ચગાવીને સામાન્ય જનસમુદાયની વૃત્તિઓને ભયંકર ભૂંડી રીતે ભડકાવીને, લોકોનું અકલ્યાણ કરીને પાપના અને શ્રાપના ભાગીદાર થઈ શકે છે તે જ માધ્યમો ધારે તો આવી ( "વધુ ગુનેગાર કોણ?" વગેરે જેવી ) ઉપયોગી સામગ્રીને જનસમુદાય સુધી પહોંચાડીને, લોકોની ઉત્તેજિત વૃત્તિઓને શાંત કરવામાં મદદ કરીને પુણ્યના અને વરદાનના ભાગીદાર પણ થઈ શકે છે અને લોકકલ્યાણનું કાર્ય અતિ સરળતાથી અને વિસ્તાર સહિત કરી શકે છે.

આ લેખમાં જે હૈયાવરાળ ઠલવાણી છે, જે વ્યથાને વાચા આપવાનો યથાશકિત-મતિ પ્રયત્ન થયેલ છે તે માત્ર કોઈ એક વ્યકિતની છે એમ માની લેવાની જરૂરત નથી. અનેક વ્યથિત હૃદયોની સીધી-આડકતરી પ્રેરણાઓનો તેને જરૂર સાથ હોઈ શકે. નિર્લજ્જ રજૂઆત કરનારાઓના હૃદયમંદિરના એક ખૂણામાં પણ આવી વ્યથા કેમ નહિ હોય? પણ અનુભવીઓ કહે છે ને કે "ઇન્સાન પરિસ્થિતિઓં કા દાસ હૈ." પરમાત્માને પ્રાર્થના કરીએ કે તેઓ સૌને "પરિસ્થિતિઓં કા નાથ" બનવાની શકિત આપે.

વ્યથાની કથા તો હનુમાનજીના પૂંછડા જેટલી લાંબી થાય પણ "તેજણને ટકોર" અને "થોડું લખ્યું ઝાઝું કરી માનશો" એવી ખાત્રીના કારણે સંતોષી બની શકાય. આટલી વ્યથાઓની સાથે પાછો અસંતોષની વ્યથાનો વધારો શા માટે કરવો?